# હાસ્યલેખક આખરે રડાવી ગયા : વિનોદ ભટ્ટનું નિધન







## ડાયરેક્ટ ❤ સે

એક પિતા બાળકની આંગળી પકડીને એને સ્કૂલે લઈ જઈ રહ્યા હતા.

રસ્તામાં બંનેએ એક બકરાને ખેંચીને લઈ જઈ રહેલા કસાઈને જોયો. બકરો ખૂબ ચીસો પાડી રહ્યો હતો.

બાળકે પિતાને પૂછ્યું, આ બકરો આટલી ચીસો કેમ પાડે છે ?

પિતાએ જવાબ આપ્યો કે એને કસાઈખાને લઈ જવામાં આવે છે, જ્યાં એનું માથું ધડથી અલગ કરીને એને મારી નાખવામાં આવશે. બકરાને એ ખબર પડી ગઈ છે ને એટલે એ ચીસો પાડી રહ્યો છે. કારણ કે એ ડરી રહ્યો છે.

બાળકે કહ્યું, અચ્છા.... મને એમ કે એનેય સ્કૂલે લઈ જવામાં આવતો હશે !

- વિનોદ ભટ્ટના પ્રવચનમાંથી

## સ્વર્ગલોકમાં હાસ્ય દરબાર ભરવા પહોંચી ગયા : સ્વ. વિનોદ ભટ્ટને સાહિત્યસભાની શ્રદ્ધાંજલી

પ્રસિદ્ધ હાસ્ય લેખક શ્રી વિનોદ ભટ્ટની વિદાય થઈ છે. ગુજરાતી સાહિત્યને અમુલ્ય હાસ્ય ખજાનાની ભેટ આપી હવે સ્વર્ગલોકમાં હાસ્ય દરબાર ભરવા પહોંચી ગયા છે. ગુજરાતી હાસ્ય સાહિત્યમાં વિનોદ ભટ્ટના જવાથી એક મોટો ખાલીપો થયો છે. ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ નટવર હેડાઉ, ઉપાધ્યક્ષ સંજય થોરાત, મંત્રી કલ્પેશ પટેલ, હસમુખ મેકવાન, ભીખુ કવિ, રમેશ ઠક્કર સહિત કારોબારી સભ્યોએ વિનોદ ભટ્ટને શ્રદ્ધાંજલિ અર્પી હતી એમ સાહિત્ય સભાના પ્રવક્તા મૂળજીભાઈ પરમારે યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર, તા. ૨૩

લાંબા સમયથી નાદુરસ્ત રહેતા જાણીતા હાસ્યલેખક વિનોદ ભટ્ટનું બુધવારે અમદાવાદમાં વહેલી સવારે તેમના નિવાસસ્થાને ૮૦ વર્ષની વયે નિધન થયું છે.

તેમનો જન્મ ૧૪ જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ નાંદોલમાં થયો હતો. તેમણે ૧૯૫૫માં એસ.એસ.સી. ઉત્તિર્ણ કર્યું. તેઓ ૧૯૬૧માં અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાંથી સ્નાતક થયા હતા. એ પછીથી તેમણે એલ.એલ.બી.ની પદવી પણ મેળવી હતી.

તેઓ વ્યવસાયે વેરા સલાહકાર હતા. જોકે લાંબો સમયથી તેમણે લેખન પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. રણજિતરામ સુવર્ણચંદ્રક સહિત તેમને સાહિત્યના ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા હતા. ૧૯૯૬થી ૧૯૯૭ દરમિયાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. તેઓ પરિષદને લોકોના હૃદય સુધી લઈ ગયા હતો તો સામા પક્ષે તેમણે પરિષદને આર્થિક રીતે પગભર પણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જ્યોતિન્દ્ર દવે, બકુલ ત્રિપાઠી, તારક મહેતાની જેમ તેઓ પણ ગુજરાતી હાસ્ય સાહિત્યનું ટોચનું નામ હતા. તેમણે ગુજરાતી સાહિત્યમાં માતબર પ્રદાન કર્યું. કુમારમાં પ્રકાશિત થયેલી વિનોદની નજરે શ્રેણીથી તેઓ પ્રકાશમાં આવ્યા અને પછી તો તેમની શબ્દજ્યોત સતત ઝળહળતી જ રહી. હાસ્યને તેમણે ઘણી ગંભીરતાથી લીધું હતું. હાસ્ય પદાર્થની સૈદ્ધાંધિક ચર્ચા કરતાં તેમનાં પુસ્તકો ગુજરાતી સાહિત્યની મૂડીસમાં છે. તેમની આત્મકથા એવા રે અમે એવા.. ગુજરાતી આત્મકથા સાહિત્યમાં ટોચનું સ્થાન ધરાવે છે. અત્યંત નિખાસતાથી તેમણે આત્મકથા લખી છે. તારક મહેતાની ઈચ્છા પ્રમાણે જો તેમણે હાસ્ય નવલકથા લખી હોત તો વાચકો ન્યાલ થઈ જાય.

તેમનાં જાણીતાં પુસ્તકોમાં પહેલું સુખ તે મૂંગી નાર, આજની લાત, વિનોદ ભટ્ટની અ-રહસ્ય કથાઓ, વિનોદ ભટ્ટ (વિ)કૃત શાકુન્તલ, વિનોદ ભટ્ટના પ્રેમપત્રો, ઈદમ્ તૃતીયમ્, ઈદમ્ ચતુર્થમ્, સુનો ભાઈ સાધો, 'વિનોદ'ની નજરે, અને હવે ઈતિ-હાસ, આંખ આડા કાન, ગ્રંથની ગરબડ, નરો વા કુંજરો વા, શેખાદમ... ગ્રેટાદમ..., અમદાવાદ એટલે અમદાવાદ, વિનોદવિમર્શ, ભૂલચૂક લેવી-દેવી, વગેરે, વગેરે, વગેરે..., અથથી ઈતિ, પ્રસંગોપાત્ત, કારણ કેનો સમાવેશ થાય છે. તેમણે લખેલાં જીવનચરિત્રોમાં નર્મદ, સ્વપ્નદ્રષ્ટા મુનશી, હાસ્યમૂર્તિ જ્યોતિન્દ્ર દવે, કોમેડી કિંગ ચાર્લી ચેપ્લિન, ગ્રેટ શોમૅન જ્યોર્જ બર્નાર્ડ શૉ, ઍન્ટવ ચેખવનો સમાવેશ થાય છે.

તેમણે સંપાદનો પણ કર્યાં હતાં. જેમાં શ્લીલ-અશ્લીલ, ગુજરાતી હાસ્યધારા, હાસ્યાયન, સારાં જહાં હમારા (શેખાદમ આબુવાલા), પ્રસન્ન ગઠરિયાં (ચંદ્રવદન મહેતા), શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ (જ્યોતિન્દ્ર દવે, ચિનુભાઈ પટવા, મધુસૂદન પારેખ, તારક મહેતા, ધનસુખલાલ મહેતા, વિનોદ ભટ્ટ) હાસ્યમાધુરી (બંગાળી, મરાઠી, ઉર્દૂ, હિન્દી, વિદેશી)નો સમાવેશ થાય છે. તેમની કેટલીક કૃતિઓ હિન્દીમાં અનુવાદિત થઈ હતી. જેમાં દેખ કબીરા રોયા, સુના અનસુના, બૈતાલ છબ્બીસી, ભૂલચૂક લેની દેની, ચાર્લી ચૅપ્લિન મખ્ય હતી. તેમનાં કેટલાંક પુસ્તકોનો સિન્ધીમાં પણ અનુવાદ થયો હતો.

તેમને ૧૯૭૬માં કુમાર ચંદ્રક, ૧૯૮૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૨૦૧૬માં રમણભાઈ નીલકંઠ પુરસ્કાર અને જ્યોતિન્દ્ર દવે હાસ્ય પારિતોષિક એનાયત થયાં હતાં.

તેમની કોલમ ગુજરાતી ભાષાના તમામ ટોચનાં દૈનિક વર્તમાન પત્રો સંદેશ, ગુજરાત સમાચાર અને દિવ્ય ભાસ્કરમાં ચાલી હતી. તેઓ ચિત્રલેખામાં પણ લખતા. પુસ્તક પરિચયની તેમની કોલમ ખૂબ જ સુંદર કોલમ હતી.

વિનોદ ભટ્ટને હાસ્ય સહજ હતું. લખવામાં અને બોલવામાં બન્નેમાં. તેઓ જ્યાં બેઠા હોય ત્યાં મહેફિલ થઈ જતી. તેમનાં વન લાઈનર ખૂબ વખણાતાં. તેઓ બે બે વાર પરણેલા. બન્ને જીવનસાથી તેમનાથી વહેલાં ગયાં. હજી હમણાં થોડા સમય પહેલાં જ તેમનાં પત્ની નલિનીબહેનનું અવસાન થયું હતું.

### વિનોદ ભટ્ટને ગુજરાત કઈ રીતે યાદ કરશે ?

એક ઉત્તમ અને પ્રતિષ્ઠિત હાસ્યલેખક તરીકે, નિખાલસ વ્યક્તિ તરીકે, ઉત્તમ આત્મકથા આપનારા લેખકના રૂપમાં, સાહિત્યિક સંસ્થાઓને ધબકતી કરનારા કર્મશીલ લેખક તરીકે, નવા નવા સાહિત્યિક પ્રયોગો કરનારા લેખક તરીકે, એક લોકપ્રિય વક્તા તરીકે, નવા નવા ઉગતા અને ઉગી ગયેલા લેખકોને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનારા વડીલ તરીકે.... અને ખાસ તો પોતાને જે લાગતું હોય તે નીડરતાથી કહીને, જે માનતા હોય તે જ કરનારા વ્યક્તિના રૂપમાં અને......આ બધાની પેલા પાર એક ઉમદા અને ઉત્તમ વ્યક્તિ તરીકે.....

તેમના જવાથી ચોક્કસ ગુજરાતી હાસ્ય સાહિત્યમાં જગ્યા પડી છે, પણ એ જગ્યા ભરાઈ જશે, કારણ કે દરેક ખાલી જગ્યા ભરાવા માટે જ ખાલી થતી હોય છે.

### વાસ્તવિકતાઓનું બખૂબી નિરૂપણ કર્યુ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મૂર્ધન્ય હાસ્ય લેખક શ્રી વિનોદ ભટ્ટના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે. મુખ્યમંત્રી એ શોક સંદેશમાં કહ્યું છે કે માર્મિક શૈલીમાં પોતાના હાસ્ય લેખ અને લેખ માળાઓ, પુસ્તકો દ્વારા વિનોદભાઈએ સમાજજીવનની વાસ્તવિકતાઓનું બખૂબી નિરૂપણ કર્યુ છે. શ્રી વિજયભાઈએ સદગતને અંજલિ આપતા ઉમેર્યુ કે તેમના દુઃખદ નિધનથી ગુજરાતી સાહિત્ય જગતને ન પુરાય તેવી ખોટ પડી છે.

### હાસ્યરસના મર્મજ્ઞ હતા

રાજયના પ્રસિદ્ધ હાસ્યલેખક અને સાહિત્યકાર શ્રી વિનોદ ભટ્ટના અવસાન બદલ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી છે. સાહિત્ય અને ખાસ કરીને ગુજરાતની જનતા માટે અવારનવાર હાસ્યરસના માધ્યમથી તેઓએ ગુજરાતની જનતાની કરેલ સેવાને બિરદાવતાં શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, તેઓ માત્ર હાસ્યલેખક નહિં પરંતુ હાસ્યરસના મર્મજ્ઞ હતા. તેમના હાસ્યલેખોમાં ઉંડાણ હતું. ગુજરાતે જે ગણમાન્ય હાસ્યલેખકો સમાજ જીવનને આપ્યા છે તેમાં શ્રી વિનોદ ભટ્ટ અગ્રીમ હરોળના હાસ્યલેખક હતા અને તેમના અવસાનથી ગુજરાતે અગ્રીમ હરોળના હાસ્યલેખક ગુમાવ્યા છે, તેમ શ્રી ચુડાસમાએ જણાવ્યું હતુ. ખાસ કરીને ગુજરાતી સાહિત્યના સંવર્ધન માટે સ્વ.શ્રી વિનોદ ભટ્ટની લાગણી અને તેની ચિંતાનો ઉલ્લેખ કરી, શ્રી ચુડાસમાએ જણાવ્યું છે કે, ગુજરાતી સાહિત્યના સંવધન માટે વર્તમાન પેઢીનો ગુજરાતી ભાષા પ્રત્યેનો લગાવ જળવાઈ રહે તેના તેઓ દ્રઢ આગ્રહી હતા. રાજય સરકારે ગુજરાતી ભાષાને પ્રાથમિક શાળાઓમાં ફરજીયાત કરી તે બદલ તેઓએ અપાર ખુશી વ્યકત કરી હતી. સ્વ.શ્રી વિનોદ ભટ્ટના અવસાનથી તેમના પરિવાર પર આવી પડેલ આપત્તિ સહન કરવાની તેમના પરિવારને પરમાત્મા શક્તિ આપે અને તેમના આત્માને ચિર શાંતિ આપે તેવી અભ્યર્થના તેમણે વ્યકત કરી છે.

# મેડિસીનમાં અભ્યાસ વધારે ખર્ચાળ બનવાના સ્પષ્ટ સંકેત

## પ્રાઈવેટ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને પેરામેડિકલ સ્પેક્ટ્રમ દ્વારા ફીમાં ૧૦થી ૩૦ ટકા સુધીના વધારાની માંગણી કરાઈ

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં મેડિસીનમાં અભ્યાસ કરવાની બાબત આગામી દિવસોમાં વધારે મોંઘી સાબિત થઈ શકે છે. કારણ કે, પ્રાઈવેટ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને પેરામેડિકલ સ્પેક્ટ્રમ દ્વારા ફીમાં ૧૦થી ૩૦ ટકા સુધીના વધારાની માંગણી કરી છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ફીમાં જંગી વધારાની માંગણી કરવામાં આવ્યા બાદ મેડિસીનમાં અભ્યાસ કરવાની બાબત વધુ ખર્ચાળ બની શકે છે. મેડિકલમાં હાલ ૨૩ કોલેજો છે અને સીટોની સંખ્યા ૩૬૮૦ છે અને વર્તમાન સરેરાશ ફીની રેંજ વાર્ષિક ૩ લાખથી ૧૭ લાખ રૂપિયાની છે. આવી જ રીતે ડેન્ટલમાં ૧૩ કોલેજો છે અને ૧૧૫૫ સીટો છે જયારે ફી ૨.૭થી ૩૫ લાખની છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આનો લઈને વાલીઓ પણ ચિંતાતુર દેખાઈ રહ્યા છે. પ્રતિવાર્ષિક ૬૦૦૦ રૂપિયાની ફી સાથે સરકારી મેડિકલ કોલેજોની સંખ્યામાં મેડિકલ સીટ પણ મહત્વપૂર્ણ બની ગઈ છે. બીજે મેડિકલ કોલેજમાં સીટોની સંખ્યા ૨૫૦ છે જયારે એસએસજી વડોદરામાં મેડિકલ સીટોની સંખ્યા ૨૫૦ છે જયારે સુરત મેડિકલ કોલેજમાં સીટોની સંખ્યા ૨૫૦ છે. હાલમાં મેડિકલ ફીને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓ પરેશાન રહ્યા છે. ખાનગી મેડિકલ કોલેજોમાં જ્યાં ૩૬૮૦ સીટો રહેલી છે. વરિષ્ઠ શિક્ષણ વિભાગના અધિકારીઓ પહેલાથી જ ફીમાં વધારો ૪૫૦૦૦થી લઈને ૨.૫૫ લાખ સુધીનો પ્રતિવાર્ષિકની અપેક્ષા રાખી રહ્યા છે જયારે પીજી મેડિકલ કોર્સ ફીમાં વધારો ૧.૫ લાખ સુધીનો રહી શકે છે જ્યાં વર્તમાન ફી પ્રતિવાર્ષિક ૮ લાખ રૂપિયા છે. આ ઉપરાંત મેડિકલ, ડેન્ટલ, પેરામેડિકલ, આયુર્વેદિક, નર્સિંગ, ફિજિયોથેરાપીની સીટોની ઓફર પણ ગુજરાતમાં પ્રાઈવેટ-સેલ્ફ ફાઈનાન્સ કોલેજો દ્વારા કરવામાં આવી રહી છે. જંગી ફી વધારાની માંગ કરાઈ છે.

# તુચ્છ બંધનોને ફગાવીને માત્ર પ્રેમ વહેંચવાનું પ્રણ લઈએ

## જ્યાં બને, જેટલું બને એટલું સતત સારું કરતા રહીએ, પ્રેમના ખજાનાને પોતાની અંદર ધરબી રાખ્યા વિના ખર્ચ કરીએ




ગુંગળામણ.. ગુંગળામણ.. ગુંગણામણ અને સતત રુંધામણ...

આ ક્યાંની વાત છે ? શેની વાત છે ?

અરે આટલામાં જ અકળાઈ ગયા ? જે માત્ર આ જ અનુભૂતિમાં જીવે છે એનું શું થતું હશે ? હજુ નથી સમજાતું ને..?!

અરે આ કોઈ રૂમમાં પૂરાયેલાંની વાત નથી..કે ગ્લોબલ વૉમિંગથી ફાટેલા ઓઝોન સ્તરથી સર્જાયેલી પરિસ્થિતીની વાત પણ નથી..કે યુ.પી.ની જેમ ખૂટી પડેલા ઓક્સિજનથી ગુંગળાતા બાળકો કે દર્દીઓની વાત પણ નથી... હા, પણ 'ઓક્સિજન'ની વાત તો છે જ. આ ઓક્સિજન એટલે પ્રાણવાયુ.. આ શબ્દ એવો છે જેને ફિલ્મના ટાઈટલ તરીકે જોવો-સાંભળવો કંઈક અલગ લાગે. માણસનું જીવન છે એપસૃષ્ટિ પરનો દરેક જીવ જેના આધારે શ્વસે છે એ પ્રાણવાયુ વિષય તરીકે હોઈ શકે !!! હા, હોઈ શકે. એ તો જ્યારે ફિલ્મ જોઈએ ત્યારે જ સમજાય.

ગુજરાતી ફિલ્મ નિર્માતાઓ હવે એવી ફિલ્મોનું નિર્માણ કરે છે કે, જેમાં વણી લેવાતા વિષયોનું વર્ણન કાગળ અને પેન દ્વારા પણ બહુ અઘરૂ છે. હમણાં થોડા સમય પહેલાં જ આવેલી ફિલ્મ 'ચાલ મન જીતવા જઈએ' માં પણ ખુબ સરસ રીતે મનના સંઘર્ષોનું ચિત્રણ હતું. અભિનય, સિનેમેટોગ્રાફી, ડ્રામા બધામાં અવ્વલ. કોઈ વધારાના ગ્લેમર વિના અને રુટીન ફિલ્મી ઢાંચાથી બહાર ગુજરાતી ફિલ્મ બની શકે અને ખૂબ સ્પર્શી શકે એ આપણે સહુએ 'રેવા'માં પણ જોયું. ફિલ્મ 'ઢ' તો આપણે જોઈ નથી પણ એણે બેસ્ટ પ્રાદેશિક ફિલ્મનો રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો. બસ આમ જ ગુજરાતી ફિલ્મોમાં પણ એવોર્ડ નોમીનેશન માટે લાંબી લાઈન લાગવાના દિવસો દૂર નથી. ફિલ્મને માત્ર મનોરંજન અથવા થ્રીલ તરીકે જોનારાનો વર્ગ જુદો છે. એક વર્ગ એવો પણ છે જેને એવી ફિલ્મો ગમે છે, જે પોતાનું પોતાની જાત સાથે મિલન કરાવી આપે. અને આપણા ગુજરાતમાં આવો વર્ગ છે એ ખૂબ આનંદની વાત છે. માત્ર મનોરંજન કે થ્રીલ જ પસંદ કરનારા લોકોને પણ ઓક્સિજન તો જોઈએ જ છે.. ખૂબ સરસ શબ્દ છે આ ઓક્સિજન-પ્રાણવાયુ. ગૂંગળામણ અનુભવતા માણસ માટે જીવન...

સંબંધોમાં ખૂટી પડેલા ઓક્સિજનની વાત લઈને આવી છે આ ગુજરાતી ફિલ્મ ઓક્સિજન. ભલે આજે શરૂઆત ફિલ્મની વાતથી થઈ ગઈ પણ એ ફિલ્મની કોઈ ટેકનીકલ વાત આપણે નથી કરવી. આ ફિલ્મના વિષયને ફિલ્મના કલાકોથી પણ વધુ મમળાવવા જેવો લાગ્યો, ફિલ્મના સંદર્ભ સાથે આપણે એ જ કરીએ.

ફિલ્મમાં વેધક સંવાદોની ભરમાર જોવા મળે. 'કોઈ પરિવાર એવું નથી જ્યાં સંબંધ હાર્યો ન હોય'. વાહ અને આહ બંને એક સાથે નીકળે એવું આ વન લાઈનર - 'દિકરો કહો છો ને ભરોસો નથી? કે દિકરો કહ્યો એટલે ભરોસો નથી !!!' ઉફ !

માણસોની માવજત થાય છે, માણસના મનની માવજતની કોઈ હોસ્પિટલો નથી. હા હવે છે, પણ ત્યાં પ્રેમ વેચાતો નથી. વર્ષો પહેલાં એક ફિલ્મ જોયેલી 'ખામોશી'. જ્યાં નર્સ પોતાના માનસિક અસ્થિર દર્દીની સારવાર હૃદયના સાચા પ્રેમ અને ઉષ્માથી કરે છે અને એ કરતાં કરતાં દર્દી સાજો અને નર્સ પાગલ થઈ જાય છે. ત્યારે પણ ખૂબ હચમચાવી ગયેલી આ ફિલ્મ.

સબ રોગોં કી એક દવા – પ્રેમ. ફિલ્મમાં ર્દિહજ ના સપ્લાયરની વાત છે. નાટ્ય કલાકાર, અભિનયના બાદશાહ સેક્સપિયર (અંશુલ ત્રિવેદી)ને emotionsના સપ્લાયરની કંપની ખોલી બિઝનેસનો વિચાર સ્ફૂરે છે. માર્કેટમાં જેની ખૂબ ડિમાન્ડ છે એ વસ્તુ સપ્લાય કરીને પૈસા બનાવવાનો ધંધો સારો લાગે છે. પૈસા લઈને એ કોઈનો ભાઈ, કોઈનો પિતા, કોઈનો પૌત્ર, કોઈનો પુત્ર એવા અનેક રોલ દિલથી-સંપૂર્ણ પ્રમાણિકતાથી ભજવી લોકોને, ફિલ્મની ભાષામાં કહીએતો 'ઘવાયેલા પક્ષીઓને, ફરી આકાશમાં ઊડતા' કરે છે.

આ જોઈએ ત્યારે લાગી આવે કે, દુનિયામાં દરેકને પ્રેમ, પોતાનાપણું, વ્હાલ જોઈએ છે અને આપવું પણ છે...તો શું અને ક્યાં નડતર છે એ સમજાતું નથી ! હાસ્યનો અભિનય કરીને જીવતો દરેક માણસ એકલો છે, અંદરથી સૂનકાર અનુભવે છે. એનો ખાલીપો માત્ર અને માત્ર લાગણી જ ભરી શકે, કોઈ જ ભૌતિક સંપતિ નહીં. ફિલ્મમાં પિતાનો ભાડે રાખેલા પુત્ર માટે એક સંવાદ છે, 'બરસોં સે જીસ પ્યારકી પ્યાસથી, તુમને ચુટકીમેં બુઝાદી' આ સાંભળીને આંખમાં આંસુ આવ્યા વિના ન રહે. પોતાની તમામ મિલ્કત અને મૂડી ધંધાદારી અને ભાડાના પૌત્રને નામે કરીને એનું ઋણ ચૂકવવા માંગતા દાદા-દાદી માટે, ભલે બનાવટી, પરંતુ એ વ્હાલની ક્ષણોનું મૂલ્ય કેટલું હશે એતો અનુભૂતિનો જ વિષય છે. મન ચકરાવે ત્યાં ચઢે છે કે, જ્યારે બધા પાસે ઢગલો પ્રેમ છે અને પ્રેમની અનહદ પ્યાસ છે તો આ બન્ને બાબતોનું જોડાણ કેમ થતું નથી?! એવા કયા પરિબળો છે જે આ અમૃતકુંભમાંનાં અમૃત સુધી પહોંચવા નથી દેતા? ભાડાની વ્યક્તિ દ્વારા ખરીદાયેલા પ્રેમથી પણ જો માણસ પુલકિત થઈ શક્તો હોય તો પોતાના...!!!

ફિલ્મમાં કહેવાયું છે 'પોતાના ઘણા છે પણ પોતાપણું નથી બચ્યું'. નરી વાસ્તવિકતા. દરેક વ્યક્તિ આ સચ્ચાઈથી મોં છુપાવે છે, જાતને સંતાડે છે, અભિનય કરે છે. પણ કોઈક તબક્કે થાકે છે. પ્રેમ છે પણ ઉષ્માની અધૂરપ એને ગૂંગળાવે છે. સંસ્થાઓ, મંડળો, કીટી પાર્ટીઝ, પ્રવાસ, સમારંભો જેવા અનેક અલગ-અલગ માધ્યમોથી જાતને મનાવી લેવાના પ્રયત્નો માણસ કરતો રહે છે અને પોતે ખુશ હોવાનો પ્રચાર ચારેકોર કરે છે.

'એક દિન બીક જાયેગા માટી કે મોલ,

જગમેં રહે જાયેંગે પ્યારે તેરે બોલ,

દૂજે કે હોઠોંકો દેકર અપને ગીત,

કોઈ નિશાની છોડ ફિર દુનિયા સે ડોલ...'

કેવી સરસ વિભાવના છે આ. આવું હોઈ શકે તો કેવું સારું...! જીવનની સ્વીચ ક્યારે બંધ થઈ જાય આપણે જાણતાં નથી. તો જીવંત રહેવાનું ચૂકી જવાનું કોઈને કેવી રીતે પોસાય !!!

માત્ર ઉપલબ્ધિઓના ધોરણથી ગાઈ-વગાડીને સુખની વ્યાખ્યા કરતો માણસ પણ અંગત રીતે સ્નેહનો ભૂખ્યો છે. માણસ જીવીત છે એની સાબિતી આપતું હૃદય મશીન છે અને ધબકારા પ્રેમ જ આપી શકે છે. માણસને વિચારવાની અને અનુભવવાની દોલત પ્રાપ્ત છે, એનો સાચી અને સારી દિશામાં ઉપયોગ વર્ષોને જીવનથી ભરી દે છે. હર્ટ થવાના ભયથી અને ખુલાસાઓની ઘટમાળથી દૂર ભાગવા માણસ હૃદયના ધબકારની અનસૂની કરતો જાય છે અને પછી યંત્રવતતા એવી ઘર કરે છે કે, એની જ આદત પડી જાય છે... અને એ જ ભ્રમણાને સુખનું નામ આપી જીવન જીવી નાંખે છે.

"જ્યાં બને, જેટલું બને એટલું સતત સારું કરતા રહીએ..પ્રેમના ખજાનાને પોતાની અંદર ધરબી રાખ્યા વિના ખર્ચ કરીએ... આ ખર્ચેલો ખજાનો એવી રીતે પરત આવશે કે દુનિયાના કુબેરપતિઓ આપણી મિરાતની ઈર્ષા કરશે. 'માંહી પડ્યો એ મહાસુખ માણે' એ ઉક્તિ ખૂબ સાચી છે, આ માંહે પડવાની પ્રક્રિયાને જટિલ નથી થવા દેવી. દ્વેષ, ઈર્ષા, સ્પર્ધા, સરખામણી, અધિકાર જેવા અનેક તુચ્છ બંધનોને ફગાવી ને માત્ર પ્રેમ વહેંચવાનું પ્રણ લઈએ. કોઈના ચહેરા પર સ્મિત અને હૃદયને પ્રેમરૂપી ઓક્સિજન આપી શકીએ એમાં આપણાં પોતાના સુખનું સરનામું છુપાયેલું છે, અનુભવ કરી જોજો... ઉપરછલ્લી વાતોથી કદાચ આયુષ્ય જીવાઈ જશે, પરંતુ જીવનની અદભૂતતાથી વંચિત રહી જવાશે. દરેક ખરાબીનો ઈલાજ માત્ર પ્રેમ જ છે. બિનશરતી પ્રેમ કોઈને પણ સ્પર્શ્યા વિના નહીં રહે... પરિણામ કે પડઘાની અપેક્ષા વિના, માત્ર પોતાના સુખ ખાતર, સ્વાર્થી બનીને આ કરવા જેવું છે. વાતાવરણમાં ઓક્સિજનની માત્રા વધી જશે અને જીવવું ખૂબ સરળ લાગશે."

"જ્યાં બને, જેટલું બને એટલું સતત સારું કરતા રહીએ..પ્રેમના ખજાનાને પોતાની અંદર ધરબી રાખ્યા વિના ખર્ચ કરીએ... આ ખર્ચેલો ખજાનો એવી રીતે પરત આવશે કે દુનિયાના કુબેરપતિઓ આપણી મિરાતની ઈર્ષા કરશે. 'માંહી પડ્યો એ મહાસુખ માણે' એ ઉક્તિ ખૂબ સાચી છે, આ માંહે પડવાની પ્રક્રિયાને જટિલ નથી થવા દેવી. દ્વેષ, ઈર્ષા, સ્પર્ધા, સરખામણી, અધિકાર જેવા અનેક તુચ્છ બંધનોને ફગાવી ને માત્ર પ્રેમ વહેંચવાનું પ્રણ લઈએ. કોઈના ચહેરા પર સ્મિત અને હૃદયને પ્રેમરૂપી ઓક્સિજન આપી શકીએ એમાં આપણાં પોતાના સુખનું સરનામું છુપાયેલું છે, અનુભવ કરી જોજો... ઉપરછલ્લી વાતોથી કદાચ આયુષ્ય જીવાઈ જશે, પરંતુ જીવનની અદભૂતતાથી વંચિત રહી જવાશે. દરેક ખરાબીનો ઈલાજ માત્ર પ્રેમ જ છે. બિનશરતી પ્રેમ કોઈને પણ સ્પર્શ્યા વિના નહીં રહે... પરિણામ કે પડઘાની અપેક્ષા વિના, માત્ર પોતાના સુખ ખાતર, સ્વાર્થી બનીને આ કરવા જેવું છે. વાતાવરણમાં ઓક્સિજનની માત્રા વધી જશે અને જીવવું ખૂબ સરળ લાગશે."

